મુદતના કાયદાના ખુલાસાનો વધારો

લવાદ (કોનસીલીએટર)

આગળ કામ ચલાવવાની રીતના નિયમો વિગેરે.

નાનાભાઈ લાલભાઈ વકીલ.

હરીપુરા—સુરત.

ધી "[illegible]" પ્રીન્ટીંગ વર્કસ લી૦ ખપાટીઆ ચકલા—સુરત.

કીમત રૂ. ૦-૨-૦

“ ખેડુતના કાયદાના ખુલાસા ” ની ચોપડીના પાના ૨૩૭થી ૨૫૨ સુધીમાં આપવામાં આવેલા નિયમો ને બદલે મુબઇ સરકારે નિચે મુજબના નિયમો તા૦ ૧ લી જુન સન ૧૯૧૦ થી અમલમાં મુકયા છે. મું. ગ. ગે. જાહેરાત નબર ૩૦૫૩ તા. ૯ જુન ૧૯૧૦

સન ૧૮૭૯ના દક્ષીણના ખેડુતના દુ ખ નિવારણના કાયદાના કલમ ૪૯થી મલેલી સત્તાની રૂએ ધી ગવરનર-ઇન-કાઉન્સીલે (अ) લવાદ [કૈન્સીલીએટર] આગળ એ કાયદામા નહિ ફેરવવામા આવેલી બાબતોના સંબધમાં કામ ચલાવવાની રીત વિષે, [ब] લવાદોએ લવાની લાગત વિષે, અને [क] લવાદોએ રાખવાના દફતર અને હિસાબ તથા તેઓએ તૈયાર કરી મોકલવાના પત્રક વિષે નીચે પ્રમાણેના નિયમો ઠરાવ્યા છે, અને એ વિષય પરની આગલી સઘળી જાહેરાતો રદ કરી છે

નિયમો.

[अ] લવાદો આગળ એ કાયદામા નહિ ફરેલી બાબતોના સંબંધમા કામ ચલાવવાની રીતના નિયમો

૧ આ નિયમોમા “ કાયદો ” એ શબ્દનો અર્થ વખતો વખતના સુધારા સાથેનો સન ૧૮૭૯નો દક્ષિણના ખેડુતોનો દુ ખ નિવારણનો કાયદો

૨ એક લવાદ જેની સ્થાનિક હદુમતમા (જે તેની નિમણુકના હુકમમા અથવા સ્થાનિક સરકારના બીજા હુકમોમા દર્શાવવામા આવી હોય તેમા) અરજદાર ખેડુત અથવા સામાવાળો ખેડુત રહેતો હોય તેનેજ, અથવા એકાદા સ્થળને માટે જો એક કરતા વધારે લવાદો નિમવામાં આવ્યા હોય, તો તેઓમાના એકનેજ એ કાયદાની કલમ ૩૯ મુજબની અરજી સાભળવાની સત્તા છે

કોઇ લવાદને અરજી કરવામા આવે અને તેને જો તે અરજી સાભળવાની સત્તા નહિ હોય તો તે, જે લવાદને તે અરજી સાભળવાની સત્તા હોય, તેને આપવા માટે પાછી આપશે

લવાદને આપવામાં આવતી દરેક અરજીમા તથા આ કાયદાની કલમ ૪૦ પ્રમાણેની અરજદારની હકીકતના દરેક ટુક બ્યાનમાં નીચેની બાબતોનો સમાવેશ કરવો જોઇએ.

(અ) અરજદાર તેમજ સામાવાળાનુ નામ, જાત અથવા ધર્મ, ઉમર, રહેવાનું ઠેકાણું અને તેઓનો મુખ્ય ધંધો

(બ) જ્યારે અરજદાર કે સામાવાળો સગીર અથવા ઓલેદીન હોય ત્યારે તે હકીકત તેમજ તે સગીરનું અને તેના વાલીનું નામ તથા પેટા કલમ (અ) મા બતાવ્યા પ્રમાણેની તેઓ વિષેની બીજી વીગતો

(ક) દાવાનુ કારણ કઇ તારીખે અને કેવી હકીકતમા ઉત્પન થયુ તે

(ડ) જ્યારે દાવો માગણુ લહેણુ માટે હોય સારે તેનો ચોકસ અથવા આસરેથી આકડો, અને જ્યારે દાવો સ્થાવર મીલકત સબંધનો હોય ત્યારે તેની ચર્તુસીમા અથવા નબર સાથે તેનું બયાન

(ઇ) મુદતના કાયદા પ્રમાણે એ દાવો મુદતમા છે કે મુદત બહાર છે એ જાણવા માટે સપુર્ણ હકીકતો

(ફ) જો દાવો કોઇ દસ્તાવેજ અથવા દસ્તાવેજોપરથી આણવામાં આવ્યો હોય તો તેની તારીખ તથા વીગત

(ગ) તે દસ્તાવેજ રજીસ્ટર થયો છે કે નહિ તે તથા તેના અવેજ પૈકી કેટલુ રોકડ છે અને કેટલુ પાછલી બાકીનુ છે તે

૪ જે દીવસે અરજી આપવામા આવે તેજ દીવસે લવાદે તેને તપાસી જોવી અને તેનાપર આપ્યાની તારીખ તરતજ નોધી લેવી અને આ કાનુનોમા લખ્યા મુજબના કારણસર જો તે પાછી આપવામા આવી ન હોય તો, અરજીપર રજીસ્ટરનો અનુક્રમ નબર તરતજ લખી લેવો, અને કાનુન ૨૯ મા બતાવ્યા મુજબ તે બાબત રજીસ્ટરમા નોધ કરી લેવી.

૫ જ્યારે લવાદને કરવામા આવેલી અરજીના બાબતમા અથવા તેના પક્ષકારોમા તે લવાદનો સ્વાર્થ સમાયલો હોય ત્યારે તેણે તે અરજી નોધ્યા વગર તરતજ બીજા જે લવાદને તે સાભળવાની હકુમત હોય તે લવાદને આપવા પાછી આપવી જોઇએ, અને તેનાપર તે પાછી આપ્યાના કારણો તથા તારીખ લખવા જોઇએ જો તે અરજી સાભલી શકે એવી હકુમતવાળો બીજો કોઇ લવાદ ન હોય, અથવા અરજદાર અરજી પાછી લેવા ના કહેતો હોય, અથવા તે પાછી લેવા હાજર ન થતો હોય, અથવા જો અરજી રજીસ્ટર થઇ ગઇ હોય તો તેણે એ અરજી કલમ ૫૧ અ

પ્રમાણે બીજી કોઇ ઠેકાણે મોકલી આપવા માટે જીલ્લા જજ્જ સાહેબ તરફ મોકલી આપવી.

૬. જો અરજીની સાથે કાયદા મુજબની મથ્થાની ટીકીટો આપવામા નહિ આવી હોય તો લવાદે અરજી દાખલ કર્યાની તારીખથી ચાર દીવસની મુદતમાં અથવા ખાસ કારણસર તેને વધુ મુદત આપવી યોગ્ય લાગે તો તે મુદતમાં તે ભથ્થુ ભરવાને અરજદારને સુચવવુ

૭. જો અરજદાર લવાદ આગળ દસ્તાવેજો રજુ કરે અને તે દસ્તાવેજો લવાદે પોતાની પાસે રાખવા એમ તે ખાયસ બતાવે તો તે માટે લવાદે તેને રસીદ લખી આપવી

૮. લવાદોએ સાધારણ રીતે પોતાના સમનો વિગેરે, જે સબોર્ડીનેટ જજ્જોની હકુમતમા તેઓ રહેતા હોય તે સબોર્ડીનેટ જજ્જોપર બજાવવા મોકલી આપવા, અને તે સબોર્ડીનેટ જજ્જો પોતાના બેલીફ મારફતે તે બજાવશે તેમ છતા જો, કોઇ ખાસ કેસમા લવાદને એમ લાગે કે એકામની બજાવણી સહેલાઇથી અને જલદીથી ગામ કામદારો મારફતે થઈ શકશે તો તેણે સમનો, વિગેરે બજાવણી માટે ગામ કામદારને મોકલી આપવા પણ ખાસ કેસો શિવાય તેઓપર એ પ્રમાણે મોકલી આપવા નહિ

૯. જ્યારે કલમ ૪૬ પ્રમાણે સર્ટીફીકેટ લેવાનો હકક પ્રાપ્ત થાય, ત્યારે એવો હકક પ્રાપ્ત થયાથી દશ દીવસ ની અદર તેની યોગ્ય લાગત આપી સર્ટીફીકેટની માગણી કરવી જોઇએ

જો સર્ટીફીકેટ આપવામા આવે તે પહેલા પક્ષકારો કબુલત પર આવે તો સર્ટીફીકેટ આપવાનો હુકમ રદ કરી કબુલત નોધવી જોઇએ.

જો સર્ટીફીકેટ આપ્યા પછી પક્ષકારો લવાદ આગળ હાજર થાય અને કબુલત કરે, તો તે વખતે જે દાવાની મુદત ગઇ નહિ હોય તો તે કબુલત નોધવી. એવા કેસમા અસલ અરજી ફરી ફરી ફાઇલ પર લેવી જોઇએ, અને પ્રથમ આપેલુ સર્ટીફીકેટ વાદીએ લવાદને પાછું આપવુ, અને લવાદે તે રદ કરી અરજીની સાથે દફતરે બાધવુ

૧૦. જ્યારે કલમ ૪૩ પ્રમાણે કબુલત લખી લેવામા આવી હોય ત્યારે તેથી પંદર દીવસના મુદતમા અરજદારે તેનો યોગ્ય લાગત કોર્ટ ફી સ્ટાંપમા આપવી.

૧૧. જ્યારે કલમ ૪૩ પ્રમાણે કબુલત લખી લેવામા આવી હોય

ત્યારે તેપર જે પક્ષકારોને લખતાં નહિ આવડતું હોય તે પક્ષકારોના અંગુઠાના નિસાન લેવા જોઇએ.

૧૨. મુકરર કરેલી મુદતમાં ઉપર મુજબની કોઇપણ લાગત આ- પવામા અરજદાર ચુક કરે તો તેની અરજી રદ કરવી જોઇએ.

૧૩ જો પક્ષકારોને હાજર થવાને મુકરર કરેલા દીવસે અરજદાર હાજર થાય નહિ, તો લવાદે તેની અરજી કહાડી નાંખવી અથવા જો તેને એમ લાગે કે તે કામની મુદત પાડવાથી માંડવાળ થવાનો સંભવ છે તો તે કામની સુનાવણીને માટે બીજી તારીખ નકકી કરવી.

૧૪. આ કાયદાની કલમ ૪૪ પ્રમાણે જે સબ જડજપર પક્ષકારોની કબુલત નોધવા માટે મોકલવામા આવતી હોય તે સબ જડજની રજા વગર લવાદે કોઇપણ અરજી ત્રણ મહિના કરતા વધારે વખત પોતાની ફાઇલપર રહેવા દેવી નહીં

૧૫ જ્યારે અરજદારની ગેરહાજરીને લીધે અથવા ભથ્થાની ડીપાટો નહિ આપવાને લીધે અરજી કહાડી નાખવામાં આવી હોય ત્યારે તે અરજી કહાડી નાખ્યાની તારીખથી ૩૦ દીવસની અંદર અરજદાર પોતાની ગેરહાજરીને માટે યોગ્ય કારણ બતાવી અરજી કહાડી નાખવાનો હુકમ રદ કરાવવા અરજ કરે અને કઇ લાગત ભરવાની જરૂર હોય ને તે ભરેતો તે અરજીને પોતાના અસલ નબરથી ફાઇલ પર લેવી.

પરંતુ જો અરજી કાનુન ૯ અને ૧૭મા બતાવેલી લાગત નહિ આ- પવા માટે કહાડી નાખવામા આવી હોય તો તે અરજી ફાઇલપર લીધા પછી સામા પક્ષકારને નોટીસ આપ્યા વગર મંજુર કરવી અને સર્ટીફી- કેટ આપવુ અથવા કબુલત સબોર્ડીનેટ જડજ તરફ મોકલી આપવી

૧૬. જો કોઇ પક્ષકાર અરજીનો નીકાલ થયા પહેલા ગુજરી જાય તો તે પક્ષકારના મરણની તારીખથી માસ છની મુદતમા જો અર જી કરવામા આવેતો તેના કાયદાસરના વારસને પક્ષકારમાં મુકવા, જો એ પ્રમાણેની અરજી નહિકરવામા આવે તો લવાદે તે અરજી કહાડી નાંખવી.

૧૭ લવાદે કહાડેલી નોટીસો જે માણસોને પહોંચાડવાની હોય તે માણસો જો હીંદુસ્થાનની અંગ્રેજી હદની બહાર રહેતા હોય અને તે

બાબત લવાદની ખાત્રી થાય તો તેણે તે નોટીસ વગર બજે પાછી આવેથી સર્ટીફીકેટ આપવુ

૧૮. કોઇ પક્ષકાર ખેડુત છે કે નહિ એવી તકરાર ઉઠાવવામા આવે અને તે પક્ષકાર ખેડૂત નથી એમ જો માની લેવામાં આવે તો તે લવાદને તે કામમા હકુમત રહે નહિ, તો લવાદે અરજદારને સર્ટીફીકેટ આપવુ, અને તેમા અમુક પક્ષકાર ખેડુત છે કે નહિ એમ તકરાર છે એવી નોંધ કરવી તેમજ જે અમુક કેસ સાભળવાને હકુમત છે કે નહિ એવી, અથવા તે દાવાની મુદત ગઇ છે એવી, અથવા અમુક દસ્તાવેજ રજીસ્ટર થયો નથી કે તેપર સ્ટાપ નથી એવી, અથવા તેપર પુરતો સ્ટાપ નથી એવી, અથવા તો તે દાવો કાયદા મુજબ ટકી શકતો નથી એવી ખરેખરી તકરાર હોય તો લવાદે તે અરજદારને સર્ટીફીકેટ આપવુ અને તેમા જે તકરાર ઉઠાવવામા આવી હોય તેની નોધ કરવી

૧૯. આ કાયદાની કલમ ૪૪મા બતાવેલી લેખી નોટીસ સબોર્ડીનેટજડજ મારફને બજાવવી જોઇએ, અને કબુલત મોકલતી વખતેજ લવાદે તે બજાવવાને માટે તનનાપર મોકલી આપવી જોઇએ સબોર્ડીનેટ જડજને તે કબુલત તથા લેખી નોટીસ મળે કે તરત તેમણે તે નોટીસ તેમા લખેલા પક્ષકારોપર કાયદા મુજબ બજાવવી, અને તે કબુલતપર એવી નોટીસ બજાવ્યાની તારીખ સબોર્ડીનેટ જડજે નોધવી

૨૦ અરજીમાના પક્ષકારો સિવાય બીજા કોઇ સખસના હીત સંબંધી કોઇ પણ કબુલત થતી હોય તો તેવા સખસને તે અરજીમાં સામેલ કર્યા વગર અને કબુલત ને માટે તેની સંમતી લીધા વગર, તે કબુલત નોધવી નહિ.

૨૧. જો એકાદો પક્ષકાર, કે જેની સામે અરજ કરવામા આવી હોય, તે ગેરહાજર હોય અથવા કબુલત કરવામાં સામેલ થવાને ના કહેતો હોય અને જો અરજદારની ખાયશ હોય તો તેનુ નામ કહાડી નાંખવું, અને અરજી તથા રજીસ્ટરમા તે બાબતના જરૂરીયાત સુધારા કરવા

ब लवादे लेवानी लागत बाबतना कानुन

૨૨. નીચેના કોષ્ટક પ્રમાણે લવાદોએ લાગત લેવીઃ—

(૧) કલમ ૪૪ પ્રમાણે કોર્ટપર કબુલત મોકલી આપવા માટે.	કબુલતના વિષયની રકમ કે કીંમત પર સેકડે અડધો ટકો
(૨) કલમ ૪૫ પ્રમાણે કબુલત મોકલી આપવા માટે.	કબુલતના વિષયની રકમ કે કીંમત પર સેકડે અડધો ટકો, પણ કોઇ પણ હકીકતમાં તે લાગત ચાર આના કરતાં ઓછી અથવા પાંચ રૂપીઆ કરતા વધારે હોવી જોઇએ નહિ.
(૩) કલમ ૪૬ પ્રમાણે સર્ટીફીકેટ આપવા માટે	ચાર આના.

સમજુત:—જ્યારે કબુલત નાણા આપવા સંબધીની નહોય ત્યારે તે વિષયની કીંમત દાવાના આક બાધવા માટે કોર્ટફી એકટ (૧૮૭૦નો નો સાતમો) ની કલમ ૭મા બતાવેલા કાનુન મુજબ આંકવી જોઇએ.

૨૩. ઉપર મુજબની લાગત રોકડી આપવાની નથી, પણ તે કોર્ટ ફી ના ટીકીટના રૂપમા આપવી પડશે અને તે ટીકીટો જે ઓચરીઆના સંબધમા લેવામા આવી હોય તે દરેક ઓચરીઆ પર ચહોડાવી દેવી.

૨૪ ઉપરના કોષ્ટકમા જણાવેલા પ્રકાર નબર ૧ અથવા ૨ પ્રમાણે ગણતા લાગતની રકમ એટલી થતી હોય કે મળી શકતાં હોય એવી કીમતના કોર્ટફી સ્ટાપ દ્વારા તે બરાબર રીતે દર્શાવી શકાય એમ ન હોય તો તે સઉથી થોડો વધારે કીમતના મળતા સ્ટાંપ જેટલી વધારવી

૨૫ આ કાયદાની કલમ ૪૦ પ્રમાણે જે અરજીના કામમાં સમન કાઢવાના હોય એવી દરેક અરજી પર લવાદે નીચે બતાવેલા દર પ્રમાણે લાગત લેવી

જો ફકત એકજ સખસપર સમન્સ કાઢવાનો હોય તો	બે આના.
જો બે અથવા તેથી વધારેપર સમન્સ કાઢવાનો હોય તો	પહેલા સખસ માટે બે આના અને બાકીના બીજા દરેક સખસ માટે એક આનો.

૨૬ ઉપર મુજબનો લાગત કોર્ટ ફીની ટીકીટમા આપવાની છે. અને તે ટીકીટ જે અરજીના સંબંધમા આપવામા આવી હોય તે દરેક અરજી સાથે લગાડી દેવી, અને સમન્સ કહાડયા પહેલા લવાદે તે રદ કરવી.

૨૭. જો એક સખસપર એક કરતા વધારે રીતનો, દાખલા તરીકે તેની જાતનો અને સગીરના વાલી તરીકેનો, સમન્સ કાઢવાનો હોય તો ફકત એકજ લાગત લેવી જોઇએ

૨૮. જો એકજ લવાદને અથવા બીજા લવાદને કે જેનાપર તે અરજી ફેર બદલી થઇને આવી હોય તેને તેનાતેજ સખસપર કે.ઇપણ કારણથી સમનો ફરી કાઢવા પડે ત્યારે અથવા જ્યારે એક સામાવાળા-પર સમન કાઢવાને માટે એક વખત ભથ્થું આપવામાં આવ્યુ હોય અને તેના ગુજરી જવાથી તેના વારસ ઉપર સમન ફરી કાઢવાનો હોય ત્યારે ફરી ભથ્થાની ટીકીટો લેવાની જરૂર નથી

ક લવાદોએ દફતર તથા હીસાબ રાખવાની તથા તેઓએ તૈયાર કરી મોકલી આપવાના પત્રકની કાનૂનો.

૨૯ આ કાયદા પ્રમાણે નીમાયલા દરેક લવાદે નીચે બતાવ્યા પ્રમાણે નું એક જનરલ રજીસ્ટર રાખવુ.

(જુઓ ફારમ એ આર ૭ પા ૯

સમજુતી.

(૧) જ્યારે લવાદ કોઇ પણ અરજી દાખલ કરે કે તરત તેણે પહેલા પાચ કોલમ ભરવા, અને દરેક અરજીને તે રજુ થઇ હોય તે પ્રમાણે અનુક્રમ નબર આપવો. આ કાયદાની કલમ ૪૦ પ્રમાણે દરેક કેસની લખી લેવાની ટુંક વીગત પાચમા કોલમમા લખી લેવી દરેક વરસે રજીસ્ટરની સરૂઆત નં. ૧ થી કરવી અને ગયા સાલનો નબર ચાલુ રાખવો નહિ

(૨) જો અમુક તકરારના સઘળા પક્ષકાર લવાદને એકી વખતે સાથે અરજ કરે તો તેઓના નામ ત્રીજા કોલમમાં સહ–અરજદાર તરીકે દાખલ કરવા અને ૪, ૬ અને ૭ મા કોલમો ભરવાની જરૂર નથી.

(૩) છઠ્ઠા કોલમમાં પહેલા ઠરાવની તારીખની નીચે જો કામ મુલતવી રહયુ હોય તો તેની તારીખ અથવા તારીખો બતાવવી, અને સામા પક્ષકારને હાજર કરવા માટે સમન કાઢવામા આવ્યો હોય અથવા કહેણુ કહાવવામાં આવી હોય, અથવા જાતે મોહડા મોહડ કહ્યું હોય અથવા જે કાંઈ રીત લેવામાં આવી હોય તે બાબતની નોંધ તેજ કોલમમાં કરવી.

(૪) જો સામો પક્ષકાર પહેલા ઠરાવને દીવસે અથવા જો પાછળથી મુદત વધારવામાં આવી હોય ને તે મુદતમાં હાજર થવાને કસુર કરે તો તે બાબતની ૭મા કોલમમાં નોંધ કરવી

(૫) ૮માં કોલમમાં દાવાનો આખર નીકાલ કરી કબુલત કરવામાં આવી હોય તો તેનો મુખ્ય સાર આપવો, અથવા જો તે કામ કોઇ લવાદને સોંપવાનું નકકી કરવામાં આવ્યુ હોય તો તે લવાદનું નામ લખવુ, અથવા ખાનગી સમાધાન કરવાનો પ્રયત્ન નિષ્ફળ જાય તો તે બાબતની નોધ કરવી.

(૬) કલમ ૪૬ પ્રમાણે જો કઇ સર્ટીફીકેટ આપવામા આવ્યુ હોય તો તેની તારીખ ૧૧મા કોલમમા ખાસ કરીને નોધવી જોઇએ.

(૭) જો એકજ બાબતમાં સામસામી અરજીઓ જુદે જુદે વખતે કરવામાં આવે તો તે હકીકત ની શેરાના કોલમમા આમણુસામણુ નોંધ કરવી એ કોલમમાં ને અરજી અથવા તકરારના સબધની કોઇ પણ હકીકત લવાદને ઉપયોગી અથવા નોધવા જોગ લાગે તો તે નોધવી.

(૮) લવાદ જ્યારે અરજીનો આખર નીકાળ કરે ત્યારે તેણે છેલ્લા કોલમમાં પોતાની સહી કરવી.

૩૦ દરેક લવાદે પોતાને મળતી સઘળી ફીનો નીચેના ફારમ પ્રમાણે હીસાબ પણ રાખવો

(જુઓ ફારમ એ, આર ૯ પા ૧૮

૩૧ આ કાયદા પ્રમાણે નીમાયલા દરેક લવાદે દરેક મહિને સબોર્ડીનેટ જડજ મારફતે જીલ્લા જડજને મોડામા મોડા મહિનાની ૧૦ મી તારીખ લગીમા નીચે મુજબના બે પત્રક મોકલી આપવા

ફારમો એ, આર ૧૦ અને એ, આર ૧૯ પા ૧૧, ૧૨

૩૨ આ કાયદાના હેતુને તથા આ કાનુનોને અનુસરીને જીલ્લા જડજ આ કાયદા અથવા કાનુનોમા જે બાબતો વિષે ખુલાસો કરવામાં નહિ આવ્યો હોય તેવી બાબતોમા પોતાને યોગ્ય લાગે એવા સામાન્ય અથવા ખાસ હુકમ કાઢી શકશે

૩૩ લવાદની ઓફીસના દેખીતા ભાગમા આ કાનૂનોની એક નકલ જાહેરને માટે મુકવી.

ફારમ એ. આર ૭ ઇ.

મોજે   તાલુકે   ના લવાદ   નુ સન ૧૯   નુ જનરલ રજીસ્ટર.

અનુક્રમ નંબર.	અરજીની તારીખ	અરજદારનું નામ જાત રહેવાનું ઠેકાણુ અને ધંધો.	સામાવાળાનું નામ જાત, રહેવાનું ઠેકાણુ, અને ધંધો	અરજીની ટુંક હકીકત.	પક્ષકારોને હાજર રહેવાની તારીખ અને જગ્યા	પક્ષકારો હાજર થયા હોય તેની તારીખ	સમાધાન કરવાનો પ્રયત્ન પરિણામ	દીવાની કોર્ટ પર કબુલાત અથવા લવાદનામું મોકલી આપ્યાની તારીખ	કઇ કોર્ટ પર મોકલવામાં આવ્યું	કલમ ૪૬ પ્રમાણે જો કંઈ સર્ટીફીકેટ આપવામાં આવ્યું હોય તો તેની તારીખ, અને જેને આપવામાં આવ્યું હોય તેનું નામ	શેરો	લવાદની સહી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩

ફારમ એ. આર ૯ ઈ.

મોજે   તાલુકે   ના લવાદ   એ સને ૧૯   માં લીધેલી ફીનું રજીસ્ટર.

				ફી શા માટે લીધી.				
તારીખ	જનરલ રજીસ્ટર પ્રમાણેનો અરજીનો નંબર	તકરારી બાબતનો આંક અથવા કીમત.	કોની પાસેથી ફી લીધી	સમન્સ બજાવવાને ભથ્થાની ફી.	કલમ ૮૪ પ્રમાણે કેટપર કબુલત મોકલવા માટે	કલમ ૮૫ પ્રમાણે કબુલત મોકલી આપવા માટે.	કલમ ૮૬ પ્રમાણે સર્ટીફીકેટ આપવા માટે	શેરો
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

૨૮૯૭

ફારમ એ. આર. ૧૦.

મોજે , તાલુકે ના લવાદ આગળ શન ૧૯ ના મહિનાના

કરવામાં આવેલા દાવાના આંકડા તથા તેનો નીકાલ કરી નક્કી કરેલી કબુલાતનાં આંકડાની વિગતવાર તપસીલ

નવી આવેલી અરજી ના કુલ નંબર.	મજકુર નવી આવેલી અરજીમા બતાવ્યા પ્રમાણેના દાવાના આંકડા.	નીકાલ કરવામાં આવેલી અરજીઓનો કુલ આંકડા	મજકુર નીકાલ કરવામા આવેલી અરજીઓના દાવાનો કુલ આંકડો.	કરવામા આવેલી કબુલાતનો આંકડો	જે અરજીમા કબુલાત કરવામા આવી હોય તેવી દરેક અરજીનો મુળ દાવાનો આંક	કબુલાતથી નક્કી કરવામા આવેલી રકમનો કુલ આંકડો	દરેક અરજીનો નીકાલ કરવામા સરેરાશ લાગતા દીવસો	શેરો
	રૂ. આ પા		રૂ. આ પા			રૂ. આ પા	વરસો મહિના દીવસો	

ના સબોર્ડીનેટ જડજ તરફ તા. માહે ૧૯ ને રોજ મોકલવામાં આવ્યુ.

નોટ—ઉપરની વીગતનો પુરેપુરો આકડો આપવો. લવાદ.

ફારમ એ.

તાલુકે જીલ્લા ના ફસવાદ

ના મહીનામાં સાંભળવામાં આવેલી અરજીઓનું

નીકાલ કરવા માટે દફતર પર રહેલી અરજીઓ				અરજીઓનો જે રીતે નીકાળ			
ગયા મહીનામાં નિકાલ કરવાની બાકી રહેલી અરજીઓ	આ મહીનામાં આવેલી અરજી: નવી આવેલી અરજીઓ	આ મહીનામાં આવેલી અરજી: બીજા [illegible] તરફથી ફેર [illegible] થઈને આવેલી અરજીઓ	૧, ૨ અને ૩ કોલમની કુલ અરજીઓ	[illegible] આવેલી અરજીઓ	[illegible]	[illegible]	પક્ષકારો હાજર થયા છતા કબુલત કરતા ન હોય.
૧	૨	૩	૪	૫	[illegible]	[illegible]	૮
					કલમ [illegible] પ્રમાણે [illegible]	[illegible]	

કમુરદાતા બાકી રહી જવાનું કારણ શેરાના

અનુક્રમ નંબર શાને

સબોર્ડીનેટ જડજની કોર્ટ મારફતે નાજરખાન જીલ્લાના

તા૦ માહે સાલ

આર. ૧૯

રહેવાશી   આગળ શન ૧૯૧

માસીક પત્ર.

થયો હોય તે રીત		નીકાલ થયલી અરજીઓનો કુલ આકડો		ખાસ વિગત					
શન ૧૮૭૭ના ૧૦મા કાયદાની કલમ ૮૪ પ્રમાણે કોર્ટ પર મોકલવામાં આવેલા [illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible] આપવામાં આવેલા	[illegible]	[illegible]	મુદત મહીના કરતાં વધારે વખતની બાકી રહેલી અરજીઓ	કોર્ટ પર મોકલવાની મોકલવાને બાકી રહેલી કબુલાતો	શેરો
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮
					કલમ [illegible]	[illegible] અરજીઓની [illegible]			

કોલમમા અથવા પત્રકનાપાછળ લખવુ.

ડીસ્ટ્રીક્ટ જડજ સાહેબ તરફ પત્ર્યુરણુ પરવન ગીર સાથે રવાના કીધું છે.

તલાટ

શન ૧૯૨૦ નો આકટ ૧ લો.

કલમ ૭ મા નીચે મુજબની પેટા કલમ ઉમેરવી

"૭મી—કોઈ દસ્તાવેજ અથવા કોઈ દસ્તાવેજની નકલ છાપેલા ફારમપર ગામ રજીસ્ટ્રારે અથવા સબરજીસ્ટ્રારે લખી હોય અથવા તેમની દેખરેખ હેઠળ લખવામાં આવી હોય તો તે દસ્તાવજ અથવા નકલ પ્રકરણ ૮ અથવા ૮ અ ના હેતુઓ માટે એવા રજીસ્ટ્રારે અથવા સબ-રજીસ્ટ્રારે લખેલી કે તેમની દેખરેખ હેઠળ તૈયાર થએલી ગણાશે. આ પેટા કલમમાં 'છાપેલું ફારમ' એ શબ્દમા નકલ કાઢવાની બીજી કોઈ યાંત્રિક રીતથી તયાર કરેલા ફારમનો સમાવેશ કરવામા આવશે."

કલમ ૪૮ પછી નીચે મુજબની કલમ ઉમેરવી.

"૮૮ અ.—આ પ્રકરણનું કાઇપણ, જે કંઇ બાબતમા પરસ્પરની સાહયકારક સાખવાળી મંડળીના શન ૧૯૦૮ ના કાયદા પ્રમાણે રજીસ્ટર થઇલી કાઇપણ મંડળી, પક્ષકાર હેશે તેને લાગુ પડશે નહિ."

કલમ ૬૨મા "હોદ્દાના સંબંધથી" એ શબ્દો પછી "અથવા પરસ્પરની સહાયકારક સાખવાળી મંડળીના શન ૧૯૦૮ ના કાયદા મુજબ રજીસ્ટર થએલી કોઈપણ મંડળી" એટલા શબ્દો ઉમેરવા.

કલમ ૬૩ ની પેટા કલમ ૨ મા "પેટા કલમ ૧—કોઇપણ દસ્તાવેજ કે જેમા પરસ્પરની સહાયકારક સાખવાળી મંડળીના શન ૧૯૦૪ ના કાયદા મુજબ રજીસ્ટર થઇલી કોઇપણ મંડળી પક્ષકાર હોય તેને લાગુ પડશે નહિ". એટલા શબ્દો ઉમેરવા.

"ખેડુતના કાયદાના 'ખુલાશા' ની ચોપડી છપાયા પછી મુંબઇની હાઇકોર્ટે એ કાયદાપર કરેલા ફેસલા.

કલમ ૧૨-૧૩

કલમ ૧૨-૧૩ પ્રમાણે મુળ લેણદેણથી હીસાબ લેવાનો છે. અમુક જીલ્લાને આ કાયદો લાગુ પાડવામા આવ્યા હોય તે લાગુ પાડયાની તારીખ અગાઉના લેણદેણનો પણ આ કલમો પ્રમાણે હીસાબ લઇ શકાય. ખેડુતોને દેવાદાર સ્થીતીમાથી મુક્ત કરવા માટે તો પાછલા લેણદેણનો હીસાબ જોવાનું સરકારે ઠરાવ્યું છે. માટે આ કાયદો લાગુ પાડ્યો તે અગાઉના થયલા

લેણુદેણુનો હીસાબ જોવામા કોઇ રીતની કાયદાની હરકત નથી. શીવલાલ જેઠાભાઇ વિ. ભીખા, ૩૪ મુંબઇ ૨૨૦=૧૧ મુંબઇ લો. રી. ૧૩૭૨.

સને ૧૮૯૨ ના સાલમાં એક માણુસે પોતાની મીલકત વાદીના બાપને ત્યાં ગીરો મુકી હતી, અને તેજ દીવસે એક ગણોતપતો લખી આપી જમીનનો કબજો પોતે લીધો હતો. શન ૧૯૦૪ મા ગીરોદારે શન ૧૮૯૯ થી ૧૯૦૩ સુધીના ગણોત માટે ગીરો મુકનારપર દાવો કર્યો, અને રૂ. ૧૩૪૮-૪-૧ નુ હુકમનામુ મેળવ્યું. જે વખતે હુકમનામુ કરવામાં આવ્યું તે વખતે તે જીલ્લામા દક્ષિણુના ખેડુતનો કાયદો અમલમાં હતો નહિ. એ કાયદો તે જીલ્લામાં અમલમાં મુકવામા આવ્યા પછી તે ગીરો મુકનારે ગીરોદારપર સન ૧૯૦૬ માં પોતાની મીલકત ગીરોમાંથી છોડવવા દાવો કર્યો. તે દાવામાં આ કાયદા પ્રમાણે હીશાબ લેતા એમ થયું કે શન ૧૮૯૮ ના ફેબ્રુઆરી માસ સુધીમાં તે ગીરો પતી ગયું હતું, એટલુજ નહિ પણુ ગીરોદારને રૂ ૯૫૦) વધુ મળ્યા હતા, અને તેથી ગીરો મુકનારને ગીરોદારે તે જમીન પાછી આપવી એમ તે દાવામાં ઠરાવવામા આવ્યુ હતુ. ગીરોદારે પોતે ૧૯૦૪ મા ગણોતના મેળવેલા હુકમ નામાની બજાવણી કરવા અરજ કરી. અસલ કોર્ટે તથા પહેલી અપીલ કોર્ટે તેની દરખાસ્ત રદ કરવાનો હુકમ કીધ, કારણુ કે વાદીએ જે વરસોને માટે ગણોતનું હુકમનામું મેળવ્યુ હતુ તે વરસો અગાઉ તેનું ગીરોનુ લહેણુ પતી ગયુ હતુ. તે કામમા હાઇકોર્ટે એમ ઠરાવ્યુ કે વાદીને પોતાના હુકમ નામાની બજાવણી કરવા દેવી જોઇએ, અને તેમ કરવામા ખેડુતના કાયદાનો બાધ આવી શકતો નથી. ગીરોદારને પોતાના લહેણા કરતા જે વધુ પહોંચ્યુ હોય તે તેણે ગીરો મુકનારને પાછુ આપવુ એવુ ખેડુતના કાયદામા કોઇ ઠેકાણે ઠરાવવામા આવ્યું નથી તેથી એ હુકમનામુ બજાવવામાં કોઇ રીતની હરકત નથી. ખેડુતના કાયદા પ્રમાણે હીસાબ લેવાય છે તે ફક્ત તેની મીલકત છુટી કરી આપવા માટે લેવામા આવે છે, પણુ તેનું તે હીસાબે લેહેણુ થાતું હોય તો તે પછું આપવા માટે લેવાનો નથી. તેથી વાદીએ અગાઉ મેળવેલુ હુકમનામું નહિ બજાવવુ એવો જે હુકમ કરવામા આવ્યો છે તે કાયદા મુજબ ગણુાય નહિ. મુગાપ્પા ચનબસાપ્પા વિ મહમદમાહેબ ૩૪ મુબાઇ ૨૦૦=૧૨ મુબઇ, લો રી ૧૩૭

એક ખેડુત પોતાની મીલકતો ગીરોમાથી છોડવવાનો દાવો લાવ્યો. તેનુ કહેવુ એમ હતુ કે તે ગીરોદારને તેના બાપે એ મીલકત ત્રણુ જુદી જુદી

વખતે ગીરે આપી હતી, તથા ચોથીવાર તેણે પોતે તે મીલકત ગીરે આપી હતી, અને તેના બાપે કરી આપેલા ત્રણ દસ્તાવેજ પાછળી બાકીના હતા, અને પોતે કરી આપેલો દસ્તાવેજ રોકડનો હતો. ગીરેદારે એવી તકરાર લીધી કે બધા દસ્તાવેજો રોકડના હતા. એ કામના પહેલે ઠરાવે પક્ષકારોએ પોતાના વકીલ મારફતે ટકાર માગી લીધો તે એવુ કહીને કે તેઓ માંડવાળ કરવા માગે છે. બીજે ઠરાવે તેઓએ માંડીવાળી કરારદાદની અરજી આપી, અને તે પરથી કોર્ટે હુકમનામુ કર્યું. તે હુકમ નામાપર અપીલ કરવામા આવી અને તેમા એવી તકરાર લેવામા આવી કે ખેડુતના કાયદાની કલમ ૪૭ પ્રમાણે એ કરારદાદ મજુર થઈ શકે તેમ નોહોતો, કારણકે એ કલમ પ્રમાણે જો દેણદાર દેવુ કબુલ કરે તો પણ કોર્ટે તે ખત સમજીને કબુલ કરે છે કે કેમ તેની તપાસ કરવાની છે તે કામમાં એવુ ઠરાવવામા આવ્યુ કે કબુલાત અને માંડવાળ એ જુદી ચીજો છે, અને પક્ષકારોને પોતાની તકરારો ખાનગી રીતે માંડીવાળી કોર્ટ મારફતે નોંધાવવામા કલમ ૪૭ નો બાધ નડતો નથી. પક્ષકારો જ્યારે સઘળુ કબુલ કરતા હોય ત્યારે નહિ, પણ જ્યારે તેઓ વચ્ચે તકરાર હોય ત્યારેજ માંડ-વાળ કરવામા આવે છે તે એ પ્રમાણેની ખાનગી માંડવાળ મજુર નહિ રાખવામા આવે [illegible] નહિ

જો [illegible] તકરાર [illegible] તેનુ કામ માંડી [illegible] તે તારીખે તે કામમા [illegible] હુકમનામું રદ કરાવવા [illegible] લેવા [illegible] અને એવી તકરાર [illegible]ની અપીલ વખત [illegible] નહિ

[illegible]

[illegible] વાતીનો પ્રમાણ [illegible] રકમ [illegible] લેવા માટેનો [illegible] અને તે દાવામા હીશાબ [illegible] રકમ ફક્ત [illegible] હુકમનામુ કરી આપવામા આવ્યુ [illegible] કામના [illegible] અરજી [illegible] એ પ્રમાણેનો [illegible] છે [illegible] નથી, [illegible] કોર્ટને [illegible] નામા ધોન્ડી [illegible] મુંબઈ [illegible] ૧૮૮૫

નોટ.

"ખેડુતના કાયદાના ખુલાસા"ની ચોપડીમા જે ન્યાય પરિષદો (જ્યુડીશીયલ કોન્ફરન્સો) ના ઠરાવો આપવામા આવ્યા છે તે ઠરાવો કોર્ટપર બંધ ન કરતા નથી; અને એ ઠરાવોને માન આપવું કે કેમ એ કોર્ટની મુનસફીની વાત છે. પણ હાઇ કોર્ટના ફેંસલા મઝ્ઝળી કોર્ટપર બંધન કરતા છે, અને તે ફેંસલા પ્રમાણે અમલ કરવાની મઝ્ઝળી કોર્ટની ફરજ છે

લવાદોનુ લીસ્ટ.

"ખેડુતના કાયદાના ખુલાસા"ની ચોપડીમા પાના ૨૫૪થી ૨૬૫ સુધીમાં આપેલા લવાદોના લીસ્ટમા નીચે મુજબના સુધારા વધારા કરવામાં આવ્યા છે.

અમદાવાદ જીલ્લો.

દશક્રોઇ તાલુકો.

અબ્દુલકાદર નાનામીયા વકીલના, રહેવાસી અમદાવાદનાને ખુશાલખીદાસ ગંગાદાસ દેસાઇએ રાજીનામુ આપવાથી તેમની જગ્યાએ દશક્રોઇ તાલુકાના લવાદ નીમ્યા છે.

હીરાલાલ મોહનલાલ રહેવાસી અમદાવાદનાની નીમણુંક તેમની પોતાની માગણીથી રદ કરવામાં આવી છે. મુ. ગ ગે ૨૦ ૧-૧૦.

પ્રાંતીજ તાલુકો.

હરગોવનદાસ કીરપારામની માગણીથી તેમની નીમણુંક રદ કરી છે.

વલ્લુમીયાં મોટામીયાં રહેવાસી પ્રાતીજનાને ડાયાભાઇ દયારામે રાજીનામું આપવાથી તેમની જગ્યાએ તા. ૧૭-૬-૧૦ થી લવાદ નીમ્યા છે. મું. ગ. ગે. ૨૬-૫-૧૦.

ધંધુકા તાલુકો.

ગેરધનદાસ વીઠલદાસ પતવારીની માગણીથી તેમની નીમણુંક રદ કરી છે. મુ. ગ. ગે. ૨૬-૫-૧૦.

પંચમહાલ જીલ્લો.

દાહોદ તાલુકો.

માણેકજી ફરદુનજી કોન્ટ્રાક્ટર રહેવાસી દાહોદનાને દાઉદભાઇ મહમદ અલીએ રાજીનામુ આપવાથી તેમની જગ્યાએ તા૦ ૨૦-૭-૧૦થી દાહોદ તાલુકાના લવાદ નીમ્યા છે. મુ. ગ ગે ૪-૭-૧૦.

ભરૂચ જીલ્લો.

ભરૂચ તાલુકો

અસમાલ બાપુ રહેવાસી દીંગલોટનાને દેહગામના અલ્લીબાઇ ફુસે ગુજરી જવાથી તેની જગ્યાએ તા૦ ૧-૪-૧૦થી ભરૂચ તાલુકાના લવાદ નીમ્યા છે મુ. ગ. ગે. ૧૭-૩-૧૦

અંકલેશ્વર તાલુકો.

કાલીદાસ લખમીદાસ રહેવાસી મોતાલીનાને હમનજી કાસમજી ગુજરી જવાથી તા૦ ૧-૪-૧૦થી અંકલેશ્વર તાલુકાના લવાદ નીમ્યા છે.

અહમદ અસમાલજી રહેવાસી સજાલીનાને તા૦ ૧-૪-૧૦થી અંકલેશ્વર તાલુકાના વધારાના લવાદ નીમ્યા છે:૨૪-૩-૧૦.

જંબુસર તાલુકો

અસમાલ સુલેમાન બાપુ રહેવાસી ટંકારીનાને મહમદ મુસે વલીબાઇની નીમણુક રદ કરી તા૦ ૫-૫-૧૦થી જંબુસર તાલુકાના લવાદ નીમ્યા છે

સુરત જીલ્લો

ઓરપાડ તાલુકો.

સદાશીવરામ નરસહરામ રહેવાસી સીઆદલાનાને ઓરપાડ તાલુકામા તા૦ ૨૦-૧-૧૦થી વધારાના લવાદ નીમ્યા છે અને તેમને મેસર્સ ગંગાશંકર અને છોટાલાલ જે ગામો માટે લવાદ હતા (જુઓ ખેડુતના કાયદાના ખુલાસાનુ પા૦ ૨૬૩) તે ગામો તથા તેઓને નીચે બતાવેલા વધારી આપવામા આવેલા ૭ ગામોના પણ લવાદ નીમ્યા છે.

મેસર્સ ગંગાશંકર દેવાકર વકીલ અને છોટાલાલ ધીરજરામ રહેવાસી ઓરપાડનાને તા૦ ૨૦-૧-૧૦થી નીચેના ગામો વધારી આપ્યા છે.

ઓરમા, વડીલા, કદ્રામા, ગીઆદલા, વંડોલી અને સરફુદીનપુર.

મુ ગ. ગે તા૦ ૧૩-૧-૧૦

મેસર્સ છોટાલાલ ધીરજરામ અને ગંગાશંકર દેવાકર રહેવાસી ઓરપાડનાને અને સદાશીવરામ નરસહરામ રહેવાસી સીઆદલાનાને તા૦ ૧-૩-૧૦થી તેઓના ઓરપાડ તાલુકાના ગામો ઉપરાત નીચેના ગામોના લવાદ નીમ્યા છે.

મોટા વરાછા, ભરથાણા, કોસાદ, ઉતરાણ અને અમરોલી મું. ગ. ગે. તા૦ ૧૦-૨-૧૦.

ખુશાલ શીવદાસની ચોર્યાસી તાલુકાના લવાદ તરીકેની નીમણુક ત૦ ૧-૩-૧૦થી રદ કરવામાં આવી છે.

માંડવી તાલુકો

ભવાન કોયા રહેવાસી ગાદાવાડીનાને તા૦ ૧-૧-૧૦થી માંડવી તાલુકાના લવાદ નીમ્યા છે. મુ. ગ. ગે. તા૦ ૧૯-૧૧-૧૯૦૯.

ખુશાલસીંગ હીમતસીંગ મહીડા રહેવાસી માંડવીનાની લવાદ તરીકેની નીમણુક રદ કરવામાં આવી છે મુ. ગ. ગ. તા૦ ૨૩-૬-૧૦.

વલસાડ તાલુકો

ભુખણદાસ જેકીશનદાસ રહેવાસી વલસાડનાને ભીમભાઇ ડાયાભાઇએ રાજીનામું આપ્યાથી તેમની જગ્યાએ તા૦ ૧૫-૫-૧૯૧૦થી વલસાડ તાલુકાના લવાદ નીમ્યા છે. મુ. ગ. ગ. તા૦ ૨૧-૪-૧૦.

પારડી તાલુકો.

કુંવરજી નાગરજી રહેવાસી તુકવાડાનાને તા૦ ૨૫-૩-૧૦થી પારડી તાલુકાના વધારાના લવાદ નીમ્યા છે. મુ. ગ. ગ. તા૦ ૧૭-૩-૧૦.

ખેડા જીલ્લો.

તા. ૧૫ મી માર્ચ શન ૧૯૧૦ થી આ જીલ્લાને માટે લવાદો નીમવામાં આવ્યા છે.

મે. સેકન્ડ ક્લાસ સબજડજ	કપડવંજ	તેઓની હકુમતના સ્થાનિક પ્રદેશમા
મે. સેકન્ડ ક્લાસ સબજડજ	ઉમરેઠ	
મે. સેકન્ડ ક્લાસ સબજડજ	નડીઆદ	
મે સેકન્ડ ક્લાસ સબજડજ	બોરસદ	
મે. સેકન્ડ ક્લાસ સબજડજ	ખેડા	

અનુક્રમ નંબર	તાલુકાવાર નંબર	લવાદોના નામ	રહેવાનુ ગામ.	હકુમતનો પ્રદેશ.
		નડીઆદ તાલુકો.		નડીઆદ તાલુકાનો પ્રદેશ.
૧	૧	ગીરધરદાસ મંગળદાસ દેસાઈ	નડીઆદ	
૨	૨	લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ પારેખ	,,	
૩	૩	મહોમદખાન પરભાતખાન	નરસંડા.	
૪	૪	ચતુરભાઇ બાબરભાઇ પટેલ	સાદેપુર	
૫	૫	મુલજીભાઇ ચતુરભાઇ અમીન	મહુધા	
		આણંદ તાલુકો.		આણંદ તાલુકાનો પ્રદેશ.
૬	૧	રા સા મયારામ જાદવરામ	ઉમરેઠ	
૭	૨	કીરપાશંકર નરોતમ	,,	
૮	૩	ભાઇલાભાઈ અમથાભાઇ	સારસા	
૯	૪	ઇમામખાન બડખાન	સુરેલી	
૧૦	૫	દાદાભાઈ નારણદાસ	આણંદ	
૧૧	૬	ચીમનલાલ કીરપાશંકર	,,	

અનુક્રમ નંબર	તાલુકાવાર નંબર	લવાદોના નામ.	રહેવાનુ ગામ.	હકુમતનો પ્રદેશ.
		બોરસદ તાલુકો.		
૧૨	૧	તલસીભાઇ ગરબડભાઇ	બોરસદ	બોરસદ તાલુકાનો પ્રદેશ
૧૩	૨	ઉમેદભાઇ કાલીદાસ પટેલ	અંકલાસો	
૧૪	૩	જેઠાભાઇ શીવાભાઇ અમીન	વીરસદ	
૧૫	૪	મોતીલાલ ભાઇલાલ	પાલેજ	
૧૬	૫	જેઠાલાલ ભગવાનદાસ	ખાનપુર	
		ઠાસરા તાલુકો.		
૧૭	૧	મથુરભાઇ ભીખાભાઇ	કલસાર.	ઠાસરા તાલુકાનો પ્રદેશ
૧૮	૨	રા. સા. પ્રેમચંદ કસનદાસ	ઠાસરા	
૧૯	૩	મલેક યુસુફમીયા મહોમદમીઆ	વાઘરોલી	
		કપડવંજ તાલુકો.		
૨૦	૧	વાડીલાલ જમનાદાસ પારેખ	કપડવંજ	કપવંજ તાલુકાનો પ્રદેશ
૨૧	૨	જીવાભાઇ દ્વારકાદાસ પટેલ	પીઠઇ	
૨૨	૩	સોમેશ્વર હરીભાઇ ત્રીવેદી	લસુન્દ્રા	
૨૩	૪	મહોમદમીઆ જમીએતમીઆ	કપડવંજ	
૨૪	૫	વલ્લભરામ છોટાલાલ	,,	
		મહેમદાવાદ તાલુકો.		
૨૫	૧	માણેકલાલ મથુરાદાસ	મેહમદાવાદ	મેહમદાવાદ તાલુકાનો પ્રદેશ
૨૬	૨	ડાહ્યાભાઇ શંકરભાઇ	રીનછોલ	
૨૭	૩	કીરપાશંકર ભગવાનદાસ વ્યાસ	ખેડા.	
		માતર તાલુકો.		
૨૮	૧	કાઝી નરૂદીન ગુલામહુશેન	માતર	માતર તાલુકાનો પ્રદેશ
૨૯	૨	ભાઇલાલ મથુરદાસ	,,	
૩૦	૩	ભગવાનદાસ કુબેરદાસ	લીમ્બાસી.	